॥ શ્રી હરિઃ ॥

ગોલોકલીલાનિત્યનિવાસી

ધર્મધુરંધર ગોસ્વામિવર્ય

શ્રીમદ્

દેવકીનંદનાચાર્યચરિત્ર.

કર્ત્તા ઉમરેઠ નિવાસી-

શાસ્ત્રી [illegible]ારામ હરિજીવન જોશી,

અધ્યાપક-પુષ્ટિસાંપ્રદાયીક સંસ્કૃત પાઠશાળા

પાટણ-ગુજરાત.

છપાવી પ્રસિદ્ધ કર્ત્તા-

શાસ્ત્રી ભવાનિશંકર હરિજીવન જોશી,

ગોસ્વામિ મહારાજના મોટા મંદીર પાસે,

ઉમરેઠ—તા૦ આણંદ.

વિક્રમાર્ક ૧૯૬૯. શ્રીવલ્લભાબ્દાઃ ૪૩૫

ન્યોછાવર રૂ. ૦-૪-૦.

શ્રી 'રામકૃષ્ણ' પ્રિન્ટીંગ પ્રેસ—અમદાવાદ.

॥ श्री हरिः ॥

गोलोकलीलानित्यनिवासी धर्मधुरंधर गोस्वामिवर्य

श्री मद्देवकीनन्दनाचार्य चरितम् ॥

श्री "पाटण" पुष्टि सांप्रदायीक संस्कृत पाठशाला-ध्यापक ज्योतिर्विदुपाह्व पण्डितहरिजीवनाङ्गज

श्री ज्येष्ठाराम शास्त्रिणा

विरचितम्.

तच्च

भूतपूर्व श्री "वैष्णवमार्तण्ड" मासिकपत्राधिपतिना ज्योतिर्विदुपनामक पण्डित हरिजीवनात्मज

श्री भवानिशङ्कर शास्त्रिणा.

संशोध्य प्रकाशितम् ॥

प्रथमावृत्तिः १०००

श्रीपरब्रह्मापरावतार श्रीमद्वल्लभाचार्यावताशब्दाः ४३५

मूल्यङ्कलाचतुष्टयम्

श्री रामकृष्ण प्रीन्टींग प्रेसमां शा. मगनलाल हरिवल्लवदासे छाप्युं ठे० पांचकुवा नवा दरवाजा—अमदावाद.

॥ श्रीमद्गोकुलेन्दुर्जयति ॥



गोलोकलीला नित्यनिवासी

॥श्रीगोविन्दात्मज श्रीमद्देवकीनन्दनाचार्याः॥

प्रादुर्भावः १९१८ चैत्र शुक्ल ३ तिरोधानम् १९६९ श्रावण कृष्ण २

The Lakshmi Art Bombay



ઉમરેઠ નિવાસી-

શાસ્ત્રી જ્યેષ્ઠારામ હરિજીવન જોશી.

દુર્મત ધ્વાન્ત ભાસ્કર, પુરાણોત્પત્તિ સમીક્ષા,
અને શ્રીમદ્ દેવકીનંદનાચાર્ય ચરિત્ર
પ્રભૃતિના કર્ત્તા.

જન્મ સંવત ૧૯૪૧ કાર્તિક શુકલ ૪ ગુરૂ.

॥ श्रीमद्गोकुलेन्दुर्विजयतेतराम् ॥

श्री ज्येष्ठाराम शास्त्रि विरचितं

श्री गोलोकलीला नित्यनिवासी-

॥ श्रीमद्देवकीनन्दनाचार्य चरितम् ॥

श्री कृष्णं सच्चिदानन्दं नत्वा च पितरौ गुरुं ॥
देवकीनन्दनाचार्यं नित्यलीला निवासिनं ॥ १ ॥

शोकसागरमग्नोऽहं ज्येष्ठारामेतिनामकः ॥
चरितञ्च गुरो र्दिव्यं वर्णयामि यथाश्रुतं ॥ २ ॥

અર્થ-સચ્ચિદાનંદ પરબ્રહ્મ શ્રી કૃષ્ણચન્દ્રને અને માતા(શ્રી પાર્વતી) પિતા (શ્રી હરિજીવન) ને તથા ગોલોક લીલા નિત્ય નિવાસી ગુરૂ શ્રીમદ દેવકીનંદનાચાર્યજીને સાષ્ટાંગ પ્રણામ કરીને શોકસાગરમાં ડૂબેલો હું

શ્રી જયેષ્ઠારામ શર્મ્મા જેવી રીતે શ્રવણ કરવામાં આવ્યું છે તે પ્રમાણે ગુરૂ શ્રીમદ્ દેવકીનન્દનાચાર્યજી મહારાજનું દિવ્ય ચરિત્ર વર્ણન કરૂ છું. ॥ ૧-૨ ॥

॥ शार्दूल विक्रीडित वृत्तम् ॥

येनप्राक् खलु वल्लभार्यवपुषा श्री लक्ष्मणाख्य गृहे ।
प्रादुर्भूय व्रजेन्द्रसेवन विधिः संस्थापितो भूतले ॥
सः श्रीगोकुल चन्द्र पाद भजना नन्दैकमूर्तिःस्वयं ।
जज्ञे देवकिनन्दनार्य वपुषा भूयः कलौ श्रीहरिः ॥ ३ ॥

ટીકા-પૂર્વે જે લક્ષ્મણ ભટ્ટજીને ત્યાં પ્રકટ થઇને શ્રી ભગવાન્ ભાષ્યકાર શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ વ્રજપતિ પરબ્રહ્મ શ્રી કૃષ્ણચન્દ્રની સેવા કરવાનો વિધિ (પુષ્ટિસંપ્રદાય) પૃથ્વીમાં પ્રકટ કર્યો હતો તે કલિયુગમાં ફરિને શ્રીમન્મહાપ્રભુ શ્રીમદ્ ગોકુલચન્દ્રચરણારવિન્દભજનાનન્દ પરાયણ પોતે શ્રીમદ્ દેવકીનન્દનાચાર્યજી રૂપે પ્રકટ થયા. (અર્થાત્ શ્રીમદ્ દેવકીનંદનાચાર્યજી મહારાજ શ્રી મહાપ્રભુ શ્રીમદ્વલ્લભાચાર્યજીનો અવતાર હતા.) ૩

॥ रथोद्धता वृत्तम् ॥

५ १ ९ १
बाण भूमि नव चन्द्र (१९१५) वैक्रमे ।
चैत्र शुक्लज शिवाक्षि (३) वै तिथौ ॥

पत्तने जयपुरे भवज्जनि ।
देंवकी तनय कृष्ण रूपिणः ॥ ४ ॥

ટીકા–વિક્રમાર્ક સંવત ૧૯૧૫ ના ચૈત્ર શુકલ તૃતીયાને દિવસે શ્રી **જયપુર** રાજધાનીમાં દેવકીપુત્ર **શ્રીકૃષ્ણરૂપી શ્રીમદ દેવકીનંદનાચાર્યજી મહારાજ શ્રીનું** પ્રાકટય થયું હતું. ॥ ૪ ॥

॥ अनुष्टुप वृमत्त ॥

श्रीमत्सरदारसिंहस्य राज्येऽति. [illegible] शुभे ॥
ग्राम मस्ति शुभं ह्येकं श्री विकानेर सज्ञकम् ॥ ५ ॥

आहूय तत्र सद्विप्रा श्चतुर्वेद विशारदान् ॥
प्रदत्तमुपवीतं हि गोविन्दाचार्य शर्मणा ॥ ६ ॥

ટીકા–શ્રી સરદાર[illegible]જી રાજાના અત્યંત વિશાલ શુભરાજ્યમાં એક શ્રી [illegible]ર” નામનું શુભ ગામ છે, ત્યાં **શ્રી ગોવિંદાચાર્ય મહાપ્રભુએ** ચારે વેદને જાણવાવાળા ઉત્તમ બ્રાહ્મણોને બોલાવીને (શ્રીમદ્ દેવકીનંદના ચાર્યજી મહારાજને) **યજ્ઞોપવિત અર્પણ કર્યું** હતું. ॥ ૫ ॥

॥ शार्दूलविक्रीडित वृत्तम् ॥

तैलङ्गोद्भवविप्रवंशतिलकं श्री देवकीनन्दनं ।

शास्त्रज्ञाः सुविवेकवादकुशला धर्मान्विताः पण्डिताः ॥
षट् शास्त्राणि पृथक् पृथक् सुनिपुणा अध्यापयन्सर्वदा ।
स्वल्पैरेव दिनैः स वै समभवद्विद्वज्जनेष्वग्रणीः ॥ ७ ॥

ટીકા--તૈલંગી બ્રાહ્મણોના કુલમાં તિલક રૂપ એવા **શ્રીમદ્ દેવકીનંદનાચાર્યજી મહારાજને** છએ શાસ્ત્રોને જાણવાવાળા સુવિવેકપૂર્વક શાસ્ત્રાર્થ કરવામાં કુશલ અત્યંત નિપુણ ધર્મપરાયણ **પંડિતો** જુદાં જુદાં છએ શાસ્ત્રો નિરંતર ભણાવા લાગ્યા, ત્યાર પછી થોડાજ દિવસોમાં **તે વિદ્વજજનોમાં અગ્રગણ્ય થયા.** ॥ ७ ॥

॥ उपजाति वृत्तम ॥

वादीभसम्भावितदम्भकुम्भ, सम्भेदने यो वनकेसरी च ॥
यो वेदशास्त्रागमसारवेत्ता, बभूव विद्वज्जनवन्द्यपादः ॥८॥

ટીકા-**માયાવાદી** હસ્તિનું સંભાવિત દંભરૂપ કુંભસ્થલને **વિદારણ કરવામાં જે વનના સિંહ જેવા અને** જે વેદશાસ્ત્ર પંચરાત્રાદિના સારને જાણવાવાળા અને વિદ્વાજ્જનો જેમના ચરણારવિંદની સ્તુતિ કરે છે એવા થયા ॥૮॥

॥ इन्द्रवज्रावृत्तम ॥

तस्याभवत्सूर्यपुरे विवाहः, स्तैलङ्गवंशे द्रवचिमपुत्र्या ॥
गृहस्थधर्मान्सह धर्मपत्न्या, समाचरद्देवकिनन्दनार्यः॥९॥

ટીકા-ત્યાર પછી તેઓ શ્રીનાં "**સુરત**" ગામમાં તલંગી બ્રાહ્મણ ભટ્ટની કન્યા સાથે લગ્ન થયાં અને શ્રીમદ્ દેવકીનંદનાચાર્યજી તે ધર્મપત્ની (વહુજી) ની સાથે ગૃહસ્થાશ્રમોચિત શ્રૌતસ્માર્તાદિ ધર્મો આચરવા લાગ્યા. ॥૯॥

॥ शार्दूलविक्रीडित वृत्तम् ॥

शुद्धाद्वैतसमर्थनैकनिपुणः कारुण्यकल्पद्रुमो ।
मायावादविखण्डनैकचतुरो मार्तण्डमूर्तिःस्वयं ॥
मेधावान्धृतिमा न्विवेककुशलः सत्तत्वचिन्तारतो ।
धर्मादच्युतचित्तवृत्तिरनिशं श्री देवकीनन्दनः ॥१०॥

ટીકા-શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદનું સ્થાપન કરવામાં એક નિપુણ, કરૂણાના કલ્પવૃક્ષરૂપ, માયાવાદનું ખંડન કરવામાં એક ચતુર, પોતે સૂર્ય સરખા તેજસ્વી, બુદ્ધિશાલી, ધૈર્યવાન, વિવેકમાં કુશલ, અને સત્તત્વનું ચિંતવન કરવામાં તત્પર, નિરંતર ધર્મથી ચિત્તવૃત્તિ જેમની ચલાયમાન થતી નથી એવા **શ્રીમદ્ દેવકીનંદનાચાર્યજી મહારાજ** હતા.॥૧૦॥

॥ इन्द्रवज्रा छन्दः ॥

यस्योपदेशेन महीपतीन्द्राः श्रीकृष्णसेवैकपरा बभूवुः ॥
यस्य प्रसादेन निजाः समस्ताः शिष्याः सुखश्चानुभवन्ति
नित्यं ॥ ११ ॥

ટીકા-જેઓ શ્રીનાથધર્મોપદેશથી પૃથ્વીપતિ રાજાઓ (મહારાજા ભરતપુર વિગેરે) શ્રી કૃષ્ણ ભગવાનની સેવા પરાયણ થયા હતા, તથા જેમની કૃપાથી સમસ્ત સ્વકીય શિષ્યો નિરંતર સુખ ભોગવે છે. ॥ ૧૧ ॥

॥ उपजाति वृत्तम् ॥

श्री गोकुलेन्दोश्चरणारविन्द, मिलिन्दवद्धर्षममन्दमाप्त ॥
यो वै कलौ सन्मति सद्गुणाब्धिः स देवकीनन्दन नामधेयः १२

ટીકા-શ્રીમદ્ ગોકુલચંદ્રમાજીના યુગલચરણકમલને સેવન કરવામાં ભ્રમરના સરખા જેવી રીતે ભ્રમર અત્યંત આસક્તિ પૂર્વક કમલનું સેવન કરે છે તેમ અત્યંત સ્નેહ પૂર્વક શ્રીનાચરણોને સેવન કરનારા, અને અત્યંત આનંદ જે ભજનાનંદ તેને પામેલા અને જે કલિયુગમાં સુબુદ્ધિ અને સદ્દગુણોના સમુદ્રરૂપ એવા તે **શ્રીમદ્ દેવકીનંદનાચાર્યજી મહારાજ** હતા. ॥ ૧૨ ॥

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

यद्यप्यस्य विवेक वैभववशाद्रागान्नलोभादिना ।
गार्हस्थ्येऽभिरतिस्तथापि जनकस्याज्ञानुरोधादसौ ॥
लग्नं नेत्र (२) मितश्च वेदविधिना श्री " रायनेलोर" के ।
ग्रामे शास्त्ररत श्चकार विबुधः श्री देवकीनन्दनः ॥ १३ ॥

ટીકા-યદ્યપિ વિવેક વૈભવને લીધે વા સંસારમાં આ સક્તિને લીધે અથવા સંસારના લોભથી **મહારાજ શ્રીની દ્વિતીયવાર ગૃહસ્થાશ્રમ કરવાની ઇચ્છા નહોતી** કિંતુ જ્યારે તેઓશ્રીનાં પ્રથમ વહુજી ગોલોકલીલાનિત્ય નિવાસી થયાં ત્યારે તેઓ શ્રીના પિતાશ્રી તરફથી દ્વિતીય લગ્ન કરવાને અનેકશઃ સમજાવવામાં આવ્યા, કિન્તુ મહારાજ શ્રીનું મન નિવૃત્યનુરક્ત હોઇ સેવાપરાયણ હોવાથી **મહારાજ શ્રી એ તે વાતનો સ્વિકાર કર્યો નહિં**, ત્યાર પછી **મહારાજ શ્રીના પિતા શ્રીએ** ગોલોક નિત્ય લીલામાં પધારતાં **આજ્ઞા** કરી કે **"આપ દ્વિતીય લગ્ન કરજો"** આ **આજ્ઞાને શિરસામાન્ય કરીને** વેદ વિધિ પ્રમાણે શાસ્ત્રમાં પ્રીતિવાળા વિદ્વાન **શ્રીમદ્ દેવકીનંદનાચાર્યજી મહારાજે** મદ્રાસ પ્રાન્તાન્તર્ગત શ્રી **"રાયનેલોર"** ગ્રામમાં **દ્વિતીય લગ્ન કર્યાં** ॥ ૧૩ ॥

॥ वंशस्थ वृत्तम् ॥

धर्मोपदेशेन मनांसिरञ्जय. न्स धर्ममार्गेषु जनान्प्रवर्तयन् ॥
पराभिभावी सततं स्वतेजसा, प्रतापशाली खलु वल्लभात्मजः १४

ટીકા-સદ્ધર્મનો ઉપદેશ કરીને મનુષ્યોના મનને રંજન કરતા, ધર્મમાર્ગ (પુષ્ટિ સંપ્રદાય) માં મનુષ્યોને પ્રવર્ત કરતા, નિરંતર સ્વકીય તેજથી પાખંડમાર્ગાનુયાયીઓ...

પરાભવ કરતા પ્રતાપી શ્રીમદ્ વલ્લભાચાર્યાવતારજ તે શ્રી દેવકીનંદનાચાર્યજી મહારાજ હતા. ॥ ૧૪ ॥

॥ उपेन्द्र वज्रा वृत्तम् ॥

अभू[illegible]ाकाम्यवनेऽतिरम्ये, धुरंधरो धर्मभृतां वरिष्ठः ॥
शिरोमणि र्वैष्णवमानवानां, स देवकीनन्दन नामधेयः ॥१५॥

ટીકા—પૂર્વે મથુરાંપુરી સમીપ શ્રીવ્રજમંડલાંતર્ગત અત્યંત રમણીય શ્રીકામવનમાં ધુરંધર ધર્મ ધારીઓમાં શ્રેષ્ઠ એવા, વૈષ્ણવોના મુકુટમણિરૂપ, તે શ્રીમદ દેવકીનંદનાચાર્યજી મહારાજ હતા. ॥ ૧૫ ॥

॥ शार्दूलविक्रीडित वृत्तम् ॥

यो ख्यातः स्वयशोभिरत्र भुवने, यं सेवते सज्जनः ।
पुष्टि र्येन वितन्यते बुधजना, यस्मै नमस्कुर्वते ॥
यस्मा त्तत्वमुदेति, यस्य करुणापूरे नरा राजते ।
यस्मि न्नबद्धधियः स मे गुरुवरः श्री देवकीनन्दनः ॥ १६ ॥

ટીકા—જે આ ભુવનમાં પોતાની સત્કીર્તિયે કરીને પ્રસિદ્ધ હતા, જેમને સજ્જન વૃંદ સેવન કરતા હતા, જેમણે પુષ્ટિ સંપ્રદાયનો વિસ્તાર કર્યો હતો, વિદ્વજ્જનો જેમને નમસ્કાર કરતા હતા, જેમનાથી તત્વજ્ઞાન પ્રાપ્ત થતું હતું, જેમના કૃપાસમુદ્રમાં મનુષ્ય શોભતા હતા,

४७२१

જેમને વિષે મનુષ્યોની બુદ્ધિ બંધાઈ હતી, એવાતે મારા ગુરૂવર્ય શ્રીમદ્ દેવકીનન્દનાચાર્યજી મહારાજ હતા. ॥ १६ ॥

॥ शार्दूलविक्रीडित वृत्तम् ॥

तारुण्येऽपि मनो न चञ्चलतरं नासीच्च तृष्णादिकं ।
लग्नं वन्हि (३) मितश्चकार विधिवच्छास्त्रानुरोधादसौ ॥
गार्हस्थ्योचितदानदेवयजनादी नृशास्त्रदिष्टान्विधिम् ।
कर्तुं धर्मप्रियः सदा शुभमतिः श्री देवकीनन्दनः ॥ १७ ॥

ટીકા—યુવાવસ્થામાં પણ જેઓનું મન ચંચલ નહોતું, અને તૃષ્ણા પણ નહોતી કિંતુ જ્યારે મહારાજ શ્રીના દ્વિતીય ધર્મપત્ની (વહુજી) ગોલોક નિત્ય લીલામાં પ્રવિષ્ટ થયાં ત્યારે મહારાજ શ્રીને ધર્મશાસ્ત્રાનુસાર વાનપ્રસ્થાશ્રમવા સન્યાસાશ્રમનો અધિકાર પ્રાપ્ત થયેલો નહિ હોવાથી " निराश्रमी न तिष्ठेत दिनमेकमपि द्विजः " દ્વિજે એક દીવસ પણ આશ્રમવિના અર્થાત્ વિધુર નહિ રહેવું જોઇએ, એ મિતાક્ષરાના વચન પ્રમાણે તેમજ " यावज्जीवँस्तावदग्निहोत्रं जुह्यात् " જ્યાં સુધી જીવે ત્યાં સુધી અગ્નિમાં હોમ કરવો જોઇએ અર્થાત્ અગ્નિહોત્ર રાખવું જોઇએ, ઇત્યાદિ શ્રુત્યનુસાર મહારાજ શ્રી અગ્નિહોત્રી હોવાથી અગ્નિહોત્ર કાયમ રાખવાને માટે

એટલે ગૃહસ્થાશ્રમને યોગ્ય દાન ભગવત્સેવા અગ્નિહોત્રા દિશાસ્ત્રોક્તધર્મોનું આચરણ કરવાને માટે નિરંતર ધર્મ પ્રિય સુબુદ્ધિમાન્ શ્રીમદ્ દેવકીનંદનાચાર્યજી મહારાજે વિધિ પ્રમાણે તૃતીય લગ્ન કર્યું હતું. ॥ ૧૭ ॥

॥ शार्दूल विक्रीडितम् ॥

पुर्यो यद्यपि सप्त मुक्ति फलदा, सन्तिह्ययोध्यादिका ।
स्तासां मुख्य तमा तु सा मधुपुरी या भक्तिदा गर्जति ॥
यत्र श्री यमुना सदा विलसति संसेवतां मुक्तिदा ।
प्रापत्तत्र च सत्वरं गुरुवरः श्रीदेवकीनन्दनः ॥ १८ ॥

ટીકા—યદ્યપિ અયોધ્યા વિગેરે સાતે પુરીઓ મુક્તિ આપવા વાળીઓજ છે પરંતુ તેમાં મુખ્ય તો તે શ્રી મથુરાંજી છે કે જે ભગવાનની ભક્તિ આપવાવાળાં ગર્જના કરે છે, અને જ્યાં સેવન કરવા વાળાઓને મુક્તિ આપનાર શ્રીયમુનાજી નિરંતર શોભી રહેલાં છે ત્યાં ગુરૂવર્ય શ્રીમદ્ દેવકીનંદનાચાર્યજી મહારાજ શીઘ્રતાથી (સ્પેશીઅલટ્રેનથી) પ્રાપ્ત થયા. ॥ ૧૮ ॥

॥ शार्दूलविक्रीडित वृतम् ॥

श्रीमद्देवकिनन्दनस्य गमने जाता निजेच्छायदा ।
गत्वा श्री मथुरापुरीं यमुनया सम्भपितां मुक्तिदाम् ॥

स्थित्वा पञ्चदिनानि तत्र भगवद्ध्यानैकनिष्ठोऽभवत् ॥
स्मृत्वा कृष्णपदश्च शुद्धमनसा श्रीकृष्णलीलां गतः॥१९॥

ટીકા....જ્યારે શ્રીમદ્ દેવકીનંદનાચાર્યજી મહારાજની ગોલોક નિત્ય લીલામાં પધારવાની નિજેચ્છા થઈ ત્યારે રાજનગર (અમદાવાદ) થી (શ્રી શ્રાવણ સુદ ૧૧ મંગલવારે) મુક્તિ આપવા વાળાં શ્રીયમુનાજીથી સુશોભિત શ્રી મથુરાંપુરીમાં પધાર્યા ત્યાં પાંચ દિવસ બિરાજીને શ્રીમદ્ ગોકુલચંદ્રમાજીના ધ્યાનપરાયણ થયા અને શ્રીગોકુલચંદ્રમાજીના ચરણારવિંદનું શુદ્ધ મનથી સ્મરણ કરીને ગોલોકાધિપતિ પરબ્રહ્મ શ્રીકૃષ્ણચંદ્રની નિત્યલીલામાં પધાર્યા. ।. ૧૯ ॥

॥ रथोद्धता वृत्तम् ॥

बाण[५] वन्हि[३] गज[८] चन्द्र[१] (१८३५) संमिते
शालिवाहन शके प्रवर्तिते
श्रावणाऽसित सुधांशु वासरेऽ
क्षि (२) तिथौ भुवनमत्यजत्स्वयम ॥ २० ॥

ટીકા—શાલિવાહન શાકે ૧૮૩૫ (સંવત ૧૯૬૯) ના શ્રાવણ વદ બીજ સોમવારે શ્રીમદ્ દેવકીનંદનાચાર્યજી મહારાજે પોતે આ ભૂમિને ત્યાગ કરી ॥ ૧૦ ॥

॥ शिखरिणी वृत्तम् ॥

जनाः श्रुत्वा लीला मसुर जन मोहस्य करिणीं ॥
वदन्ति बक्त्रैः स्वै र्हरि हरि हहा हन्तनु हताः ॥
ततस्त न्नेत्रेभ्यः पतति धरणीं बाष्प सलिलम् ।
न चेतः कस्यास्य व्यथयति च गोलोकगमनम् ॥२१॥

ટીકા--શ્રીમદ્દ દેવકીનંદનાચાર્યજી મહારાજની આસુર વ્યામોહ લીલા શ્રવણ કરીને મનુષ્યો મુખથી હા! મહાન્ ખેદ! હરિ! હરિ! હણાઈ ગયા ઇત્યાદિ ઉચ્ચાર કરે છે, ત્યાર પછી તેમના નેત્રોથી અશ્રુબિંદુઓ ધરણી ઉપર પડે છે, અને યથાર્થ છે કે શ્રીમદ્દ દેવકીનંદનાચાર્યજી મહારાજનું ગોલોક નિત્ય લીલામાં પધારવું કોના અંતઃકરણને દુઃખી કરતું નથી અર્થાત્ સર્વે મનુષ્યોને ખેદ પમાડે છે ॥ ૨૧ ॥

॥ वैतालीयवृत्तानि ॥

निज धाम गते गुरो ? त्वयि वसुधा दुःखमयी च दृश्यते ॥
क्व च ते हि गुरो? वचोऽमृतं क्व कृपा हन्त! गताऽधुना मयि॥२२

ટીકા—હે ગુરો ? આપના નિજધામ ગોલોક નિત્ય લીલામાં પધારવાથી આ સમગ્ર પૃથ્વી (મને) દુઃખમય જણાય છે, હે પૂજ્ય ? આપનું વચનામૃત ક્યાં ગયું!

અને મહાન્ ખેદ છે કે મારી ઉપર આપની જે નિજ કૃપા હતી તે હવે ક્યાં ગઇ ! ॥ ૨૨ ॥

क्व च ते सुमते ? सुभाषणं क्व दयाकीर्णनिरीक्षणं सुधीः? ॥
क्व च धीर? तवास्ति धीरता प्रियता क्वास्त्यधुना च नम्रता ॥२३॥

ટીકા—હે સુબુદ્ધિમાન્ ? તમારૂ સુંદર ભાષણ ક્યાં ગયું ! અને ધીમન્ ! આપનું દયાયુક્ત જોવું ક્યાં ગયું ! અને હે ધીર ? આપની ધીરતા અને પ્રિયતા તથા નમ્રતા હાલમાં ક્યાં ચાલી ગઇ ! ॥ ૨૩ ॥

कृतवानसिनावधीरणामपराद्धेऽपिगुरो ! कदा मयि ॥
भविता न पुनर्भवादृशो गुणराशिर्जगतीतले गुरुः ॥ २४ ॥

ટીકા—હે ગુરો ? કદાચિત્ મારાથી અપરાધ થયો હશે તો પણ આપે મારો તિરસ્કાર કર્યો નથી, આ ભૂતલમાં આપના સરખા ગુણના સમૂહ યુક્ત ગુરૂ થનારજ નથી. ॥ ૨૪ ॥

भगवन् ! करुणानिधे? गुरो? प्रतिकूलाचरितं क्षमस्व मे ॥
अयि कारुणिक? द्रुतं हि नो दयया देहि स्वकीय दर्शनम् ॥२५॥

ટીકા–હે ભગવાન્ ? હે કૃપાના ભંડાર ? હે ગુરો ? મારાથી કાંઇ વિરૂદ્ધ આચરણ થયું હોય તો તે ક્ષમા કરો ! અને હે કૃપાલુ ? દયા કરી જલદીથી આપનું શુભ દર્શન આપો ॥ ૨૫ ॥

॥ द्रुतविलम्बितवृत्तमेतत् ॥

नव रसा ङ्कु मही मित वैक्रमे ।
प्रवर श्रावण मास सितेतरे ॥
मदन वैरि (११)तिथौ गुरुवासरे ।
समगमत्परिपूर्ति मियं कृतिः ॥

ટીકા—શ્રી વિક્રમાર્ક સવંત ૧૯૬૯ ના શ્રેષ્ઠ શ્રાવણ કૃષ્ણ એકાદશી અને ગુરૂવારે આ શ્રીમદ્ દેવકીનંદનાચાર્યજી મહારાજનું ચરિત્ર પૂર્ણ થયું. ॥

इति श्रीमद्वादीन्द्रवृन्द विध्वंसन प्रचण्ड मार्तण्ड श्रीमदखण्ड भूमण्डलाचार्यचक्रचूडामणि जगद्गुरु श्रीमन्महाप्रभु श्रीमद्वल्लभाचार्य चरणानुकंपाकांक्षिणा गुर्जर देशान्तर्गत खेडा मण्डलान्तर्वत्युमरेठ ग्राम वास्तव्य .ज्योतिर्विदुपनामक पण्डित हरिजीवनात्मज ज्येष्ठाराम शास्त्रि विरचितं गोस्व मिवर्य श्रीदेवकीनन्दनाचार्य चरितं समाप्तिमगमत् ॥

॥ શ્રી હરિ: ॥

ગોલોક લીલા નિત્ય નિવાસી ધર્મ ધુરંધર ગોસ્વામી શ્રીમદ્ દેવકીનંદનાચાર્યજી.

મહારાજ શ્રીનું જીવન ચરિત્ર.

મહારાજ શ્રીનો પ્રાદુર્ભાવ.

શ્રીમદ્ અખંડ ભૂમંડલાચાર્યચક્રચૂડામણિ જગદ્ ગુરૂ શ્રીપરબ્રહ્માપરાવતાર શ્રીમન્મહાપ્રભુ શ્રીમદ્ વલ્લભાચાર્યકુલભૂષણ પંચમ પીઠાધિપતિ શ્રી વિઠ્ઠલનાથાત્મજ શ્રીમદ્ રઘુનાથાચાર્ય ગૃહ તિલકાયિત (ટિકાયત) ધર્મ ધુરંધર ગોસ્વામિ શ્રીમદ્ દેવકીનંદનાચાર્યજી મહારાજ શ્રીનો પ્રાદુર્ભાવ વિક્રમાર્ક સંવત ૧૯૧૫ ના ચૈત્ર શુકલ તૃતીયાને દિવસે શ્રીમદ્ ગોકુલચંદ્ર વિભૂષિત શ્રી જયપુર રાજધાનીમાં થયો હતો.

યજ્ઞોપવીત અને વિદ્યાભ્યાસ.

શ્રીમદ્ ગોકુલ ચંદ્રમાજી પ્રથમ જયપુરમાં બિરાજતા હતા, ત્યાં મહારાજ શ્રીના પિતા શ્રી મહાપ્રભુ શ્રી ગોવિંદાચાર્યજીને એક સમયે જયપુરના ભૂતપૂર્વ મહારાજા શ્રી રામસિંહજીએ પ્રશ્ન કર્યો હતો કે ચારે સંપ્રદાયોમાં કયો સંપ્રદાય ઉત્તમ છે? કયા સંપ્રદાયથી મુક્તિ મળેછે. આભાવગંભીર પ્રશ્નના પ્રત્યુત્તરમાં શ્રી ગોવિંદાચાર્ય મહા પ્રભુએ આજ્ઞા કરી કે જેમ ગાયના ચારે સ્તનોમાંથી દૂધ નીકળે છે, તેમ ચારે સંપ્રદાયોથી મુક્તિ મળે છે, અત એવ ચારે સંપ્રદાયો ઉત્તમ છે, બાદ તેવીજ રીતે તેમના ૬૪ પ્રશ્નોના પ્રત્યુત્તરો પણ આપ્યા હતા, કિંતુ તેમના રાજા પણાની વાત પર એકસોત્રણવર્ષથી મળતી મોટી જાગીરને તૃણ સમાન પરિત્યાગ કરી નિજ ભક્ત શ્રી સરદારસિંહજી મહારાજા વિકાનેરના અતિ આગ્રહથી નિજેષ્ટ શ્રી ગોકુલચંદ્રમાજીને શ્રી વિકાનેર પધરાયા હતા, અને ત્યાં મહારાજાના અતિ આગ્રહથી પાંચ વર્ષ સુધી શ્રી ગોકુલચંદ્રમાજી બિરાજ્યા હતા, બાદ શ્રી વ્રજના અપૂર્વ મહિમાને પ્રકટ કરતાં નિજેષ્ટ શ્રી ગોકુલચંદ્રમાજીને કામવન પધરાવ્યા હતા, શ્રી મહાપ્રભુ શ્રી ગોવિંદાચાર્યજી મહારાજે સ્વકીય પુત્ર શ્રીમદ્ દેવકીનંદનાચાર્યજીને યજ્ઞોપવીતની શુભ ક્રિયા વેદવિધિપુરઃસર શ્રી વિકાનેરમાંજ કરી હતી,

બાદ મહારાજ શ્રીને વેદ શાસ્ત્રાદિનું અધ્યયન કરાવાને ષટ્ શાસ્ત્ર પારંગત સમર્થ પંડિતો રાખવામાં આવ્યા હતા, તેઓ પૃથક્ પૃથક્ શાસ્ત્રોનું અધ્યયન મહારાજ શ્રીને કરાવતા હતા, સ્વલ્પ સમયમાં જેમ પરબ્રહ્મ શ્રી કૃષ્ણચંદ્ર સ્વકીય વિદ્યાગુરૂ સાંદિપનિમુનિ પાસેથી, અને શ્રી પરબ્રહ્મા પરાવતાર શ્રી મન્મહાપ્રભુ શ્રીમદ્ વલ્લભાચાર્યજી સાંદિપનિના અવતાર પંડિત માધવેંદ્ર પાસેથી વિદ્યાધ્યયન કરી વેદ શાસ્ત્ર પારંગત થયા હતા, તેમજ શ્રીમદ્ વલ્લભાચાર્યા પરાવતાર શ્રીમદ્ દેવકીનંદનાચાર્યજી મહારાજ પણ સ્વલ્પ સમયમાં વેદ શાસ્ત્ર પારંગત થયા હતા, અને મહારાજ શ્રી પોતે સંસ્કૃત, હિન્દી, મરાઠી, દ્રાવડી, તૈલંગી, મારવાડી, ગુજરાતી અને વૃજભાષા વિગેરે ૭-૮ ભાષાઓ જાણતા હતા.

મહારાજ શ્રીનાં લગ્ન.

મહારાજ શ્રીના લગ્ન સુરત ખાતે સ્વજ્ઞાતીયભટ્ટની કન્યા સાથે વેદ વિધિપુરઃસર ઘણી ધામધુમથી થયાં હતાં.

મહારાજ શ્રીનો ધર્મોપદેશ.

મહારાજ શ્રી વિક્રમાર્ક સંવત ૧૯૩૪ ની સાલમાં પોતાના પિતાશ્રી સાથે કુંભના મેળા ઉપર તથા સંવત ૧૯૩૮ ની સાલમાં મકરના મેળા ઉપર પ્રયાગરાજ પધાર્યા હતા, ત્યાં પણ તેઓ શ્રીનું પ્રબલ પાંડિત્ય અને અતુલનીયપ્રતાપ જોઇને કેટલાએક રાજા મહારાજાઓ મહંતો અને સાધુઓ

તેઓ શ્રીના અનુયાયીઓ થયા હતા અને ઘણી ધામધુમથી તેઓ શ્રીનીસ્વારી નીકળી હતી, બાદ તા. ૧૯-૪-૧૮૮૫ ના દિને મહારાજ શ્રી સકલજનમોહકરી મોહમયી (મુંબાઈ) નગરિમાં પધારી સંસ્કૃત ભાષણોદ્વારા ધર્મોપદેશ કરી સ્વધર્મનો પ્રચાર કરવા લાગ્યા, અને દીન પ્રતિદીન સભાઓ ભરાવા લાગી, આ સભાઓમાં ભારત માર્તંડ પંડિત શ્રી ગટ્ટુલાલજી પણ પધારતા હતા, અને ત્યારથીજ મહારાજ શ્રીને તથા પંડિત શ્રીને સ્નેહ પરસ્પર જોડાયો હતો, સભામાં ધાર્મીક પ્રશ્નો કરનારને મહારાજ શ્રીસ્વવાક્ છટાથી નિરૂત્તર કરતા હતા, આ પ્રમાણે ત્રણ માસ સુધી બિરાજી મહારાજ શ્રીએ ધર્મોપદેશ કર્યો, અને તેઓ શ્રીના ધર્મોપદેશથી સહસ્રાવધિ જીવો શરણે આવી પ્રભુ પરાયણ થયા હતા.

મહારાજ શ્રીનું દ્વિતીય લગ્ન અને અગ્નિ હોત્રની દીક્ષા.

મહારાજ શ્રી એક સમયે મદ્રાસના કેટલાએક ધર્મ જીજ્ઞાસુ વૈષ્ણવોના આમંત્રણથી મદ્રાસ પધાર્યા હતા, ત્યાં કેટલો એક સમય બિરાજી નિત્ય પ્રતિસભાઓ ભરી અમૂલ્ય ધર્મોપદેશ આપ્યો હતો, બાદ મહારાજ શ્રી ત્યાંથી શ્રી "રાયનેલોર" પધાર્યા, મહારાજ શ્રીનાં પ્રથમ વહુજી લીલામાં પધારવાથી તેમના પિતાશ્રીએ દ્વિતીય લગ્ન કરવાને

અન્ય મનુષ્યો દ્વારા ઘણું સમજાવ્યા હતા, પરંતુ મહારાજ શ્રીનું મન નિવૃત્યનુરક્ત હોવાથી તે વાતનો અસ્વીકાર કર્યો ત્યારે મહારાજ શ્રીના પિતાશ્રી ગોવિંદાચાર્ય મહાપ્રભુએ પોતે ગોલોક નિત્ય લીલામાં પધારતાં આજ્ઞા કરી હતી કે "દ્વિતીય લગ્ન કરજો" આ અંતિમ આજ્ઞાને મહારાજ શ્રીએ **શિરસામાન્ય** ગણીને ત્યાં રાયનેલોર ખાતે ત્યાંના સ્વજ્ઞાતીય શ્રીવૈજનાથ અઇયાની કન્યા શ્રીભાગીરથી સાથે આપે લગ્ન કર્યાં હતાં, બાદ તે શ્રીમતી વહુજીને ધાર્મીક શિક્ષણ આપી વિદુષી બનાવવામાં આવ્યાં હતાં, જે અગ્નિ સમક્ષ મહારાજ શ્રીનું પાણિ ગૃહણ થયું હતું તે અગ્નિને પોતાની પાસે પધરાવી સાયંપ્રાતહોંમ પંચમહાયજ્ઞાદિ વૈદીક ક્રિયાઓ અરંભી હતી અર્થાત્ **અગ્નિહોત્ર** રાખ્યું હતું બાદ મહારાજ શ્રી નિજેષ્ટ શ્રીગોકુલચંદ્રમાજીનું સેવન કરવા લાગ્યા.

મહારાજ શ્રીનો દિગ્વિજય અને યાત્રા.

મહારાજ શ્રીએ જેમ શ્રીમન્મહા પ્રભુ શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ પૃથ્વી પરિક્રમાનાભિષથી દિગ્વિજય કર્યો હતો, તેવી રીતે સમસ્ત ભારત વર્ષની ચારે દિશાઓમાં પૂર્વમાં શ્રી જગન્નાથ દક્ષિણમાં શ્રીરંગનાથ રામેશ્વર અને પશ્ચિમમાં શ્રી દ્વારિકાનાથ તથા ઉત્તરમાં શ્રી બદ્રિનારાયણ અને મથુરાં પ્રયાગરાજ શ્રીવિદ્યાપીઠ કાશી પ્રભૃતિ મહાન્ સ્થલોમાં યાત્રાના

મિષથી પધારી વિદ્વત્સભાઓ ભરી સ્વપાંડિત્ય પ્રકટ કરી દિગ્વિજય કર્યો હતો, મહારાજ શ્રીએ પ્રસિદ્ધ વ્યાખ્યાનકાર વ્યાખ્યાન વાચસ્પતિ પંડિત દિનદયાલુશર્મ્મા તથા પંડિત શંકરદયાલુશર્મા મિશ્ર પ્રભૃતિ સમર્થ પંડિતોને સાથે રાખી સમગ્ર ભારત વર્ષમાં ધર્મોપદેશ કર્યો હતો, અને મહારાજ શ્રીના દિગ્વિજયમાં સાક્ષી ભૂત–" પાદુકા પૂજન શાસ્ત્રાર્થ " પ્રસિદ્ધ છે કે તેની ઉપર સમસ્ત ભારત વર્ષના ૩૦૦ પંડિતોની લગભગ સંમતિ મળેલી છે, બાદ ત્રણેક વર્ષ ઉપર નિજેષ્ટ શ્રીગોકુલચંદ્રમાજીને સાથે પધરાવી વેદ પ્રતિપાદ્ય શ્રીવ્ર. ધામની વનયાત્રા કરી હતી, આ વનયાત્રામાં મુંબાઈના કેટલાએક સુપ્રસિદ્ધ શેઠીઆઓની તથા વૈષ્ણવોની ઘણી મોટી સંખ્યા ઉપસ્થિત હતી.

મહારાજ શ્રીને મળેલું અપૂર્વ સન્માન.

મહારાજ શ્રીને શ્રી વિદ્યાપીઠ કાશી, મુંબાઇ મદ્રાસ, નસીરાબાદ, નવસારી, ભરતપુર, અમદાવાદ, પ્રભૃતિ અનેક સ્થળોએથી અપૂર્વ સન્માન મળ્યું હતું મહારાજશ્રીનો શ્રીવિદ્યાપીઠકાશીના સુપ્રસિદ્ધ પંડિત મારા વિદ્યાગુરૂ મહામહોપાધ્યાય વૈયાકરણ કેસરી શ્રીયુત દામોદર શાસ્ત્રીજી ભારદ્વાજની સાથે સંસ્કૃત ભાષાગાં થયેલો વાર્તાલાપ મેં પ્રત્યક્ષ શ્રવણ કર્યો હતો, અને ત્યાંના સમર્થ પંડિતોનો યથાયોગ્ય સત્કાર કરતાં મહારાજશ્રીની પ્રશંસા તત્રત્ય પંડિતોએ કરી અતી-

મ્માન આપ્યું હતું. એક સમયે મહારાજશ્રી શ્રીવિકાનેરના મહારાજા શ્રી ડુંગરસિંહજીના અતિ આગ્રહથી વિકાનેર પધાર્યા હતા ત્યાં મહારાજ શ્રીનું પ્રબલ પાંડિત્ય, ધર્મોપદેશ, અને પ્રતાપ જોઇ ત્યાંના રાજાએ મહારાજ શ્રીને ત્યાંના સમર્થ પંડિતો સમક્ષ આચાર્ય સિંહાસન ઉપર પધરાવી ઘણુંજ સન્માન આપ્યું હતું. તથા મહારાજા ભરતપુરે પણ મહારાજ શ્રીને પધરાવી ઘણુંજ સન્માન આપ્યું હતું, અને મહારાજ શ્રીના ધર્મોપદેશથીજ મહારાજા ભરતપુરે સ્વકીયનગરીમાં શ્રીભગવન્મંદીર પણ બંધાવેલું છે. તથા ખંભાતના નવાબ સાહેબે પણ એક સમયે મહારાજ શ્રીને પોતાને ત્યાં પધરાવી પ્રશ્ન કર્યો હતો કે–" દુનિયામાં દરેક લોક પોતાના મતની પ્રશંસા કરે છે, તો આપ શ્રીના વિચારમાં કયો મત ઉત્તમ છે ? " મહારાજ શ્રીએ પ્રત્યુત્તર આપ્યો કે–" સર્વેના પ્રવર્તક ઇશ્વર એકજ છે. જેમ એક ગાયના ચારેસ્તનોમાંથી દૂધ નીકળે છે તેમ સર્વેમતોથી મુક્તિ મળે છે પરંતુ અધિકારી ભેદ છે. " બાદ કેટલીએક ધર્મચર્ચા ચાલી હતી અને છેવટે નવાબ સાહેબ તેઓ શ્રીના સમાગમથી ઘણાજ ખુશી થયા હતા અને તેઓ શ્રીને ઘણુંજ સન્માન આપ્યું હતું. એક સમયે ભાવનગરના દરબારે પણ મહારાજ શ્રીને પોતાને ત્યાં પધરાવી ધર્મોપદેશ શ્રવણ કર્યો હતો અને મહારાજ શ્રીના ધર્મોપદેશથી ખુશી થઇ સભા ભરી મહારાજ

શ્રીને ઘણુંજ સન્માન આપી ૧.જ્ઞાનોહાર તથા કેટલા એક દાગીના ભેટ કર્યાં હતા.

મહારાજ શ્રીનાં તૃતીય લગ્ન.

મહારાજ શ્રીનાં તૃતીય લગ્ન કેટલાએક વર્ષ ઉપર થયાં હતાં, આ લગ્ન થવાથી કેટલાએક કહેવાતા સુધારકોએ આક્ષેપ કર્યો હતો આક્ષેપ કર્ત્તાએ જણાવ્યું હતું કે-"મહારાજ શ્રીએ ૬૫ વર્ષની વયે લગ્ન કર્યું છે." આ ઉપરથીજ વાચક વર્ગ જાણી લેશે કે જ્યારે મહારાજ શ્રીનું પ્રાકટય સંવત ૧૯૧૫ ની સાલમાં થયેલું છે, અને મહારાજ શ્રીનું તૃતીય લગ્ન થયે લગભગ ૧૦-૧૨ વર્ષ થયાં છે તો તે આક્ષેપ કર્તાનું લખવું કેટલે અંશે સત્ય હતું? મહારાજ શ્રીએ જે તૃતીય લગ્ન કર્યું હતું તે ધર્મશાસ્ત્રાનુસાર ઉચિતજ હતું એમ સંસ્કૃત જીવન ચરિત્રના શ્લોક ૧૭ ઉપરથી વાંચક વર્ગને ખાત્રી થશે. અને મેં તે આક્ષેપનો પ્રત્યુત્તર "ગુજરાતી" પત્ર ઉપર કાશી મુકામેથી મોકલેલો પરંતુ ગુજરાતી પત્રે તે પ્રકટ નહિ કરવાથી આક્ષેપકર્ત્તાના ઉપર મોકલવામાં આવ્યો હતો, પરંતુ આક્ષેપકર્ત્તાએ તે પોતાના પત્રમાં પ્રત્યુત્તર પ્રકટ કર્યો નહોતો.

મહારાજ શ્રી તરફથી પ્રગટ થયેલાં પુસ્તકો.

મહારાજ શ્રી તરફથી તત્ત્વાર્થસાર, શ્રીવલ્લભદિગ્વિજય, સિદ્ધાન્તાષ્ટક, વૈષ્ણવ નિત્યકર્મ વિગેરે ગ્રંથો પ્રકટ થયા હતા તથા કેટલાએક સાંપ્રદાયીક ગ્રંથોનાં ભાષાંતર તૈયાર થતા

સિદ્ધાન્તાષ્ટક, વષ્ણુવ નિત્યકર્મ વિગેરે ગ્રંથો પ્રકટ થયા હતા તથા કેટલાએક સાંપ્રદાયીક ગ્રંથોનાં ભાષાંતર તૈયાર થતાં હતાં, મહારાજશ્રીની આજ્ઞાનુસાર પૂર્ણ સમ્મતિથી પુષ્ટિ સાંપ્રદાયીક ૨૩૭ ગ્રંથો તથા અન્ય પણ બ્રહ્મસંબંધકાવ્ય પ્રભૃતિ સેંકડો ગ્રથો બહાર પડેલા છે તથા તેઓ શ્રીની આજ્ઞાથીજ શ્રી "વૈષ્ણવ માર્તંડ" (માસિક) પાટણથી પ્રકટ થતું હતું અને પુષ્ટિ સાંપ્રદાયીક સર્વોત્કૃષ્ટ ગ્રંથ શ્રી "સુબોધિનીજી" (માસિક) રૂપે અદ્યાવધિ પ્રકટ થાય છે.

મહારાજ શ્રીની દૃઢાસ્થા.

મહારાજ શ્રી નિત્ય બ્રાહ્મમુહૂર્તમાં જાગૃત થઇ નિજેષ્ટનું સ્મરણ કરીને શૌચ સ્નાન પ્રભૃતિ કરી સંધ્યાવંદન સેવાદિ કર્મપરાયણ થતા હતા, તે લગભગ દસ વાગે મધ્યાન્હ કૃત્યથી નિવૃત્ત થઈ આપ ભોજન કરતા હતા, બાદ સહજ વિશ્રાન્તિ લેઈ મધ્યાન્હોત્તરનો સમય આપ ધર્મોપદેશમાં ગાળતા હતા, તત્પશ્ચાત્ સાયંસંધ્યા સાયંહોમ પ્રભૃતિ કરીને રાત્રિના સમયમાં તથા અન્યત્ અવકાશના સમયમાં મહારાજ શ્રી વેદ, ઉપનિષદ્, ગીતા, શ્રીમદ્ભાગવત, રામાયણ વિગેરે ગ્રંથોનું મનન કરતા હતા, રાત્રિના દસ વાગતા પર્યંતનો સમય મહારાજ શ્રી ગ્રંથાવલોકનમાં ગાળતા હતા, મહારાજ શ્રીની સંધ્યાવંદન પ્રભૃતિ વૈદીક કર્મ પ્રત્યે દૃઢાસ્થા હતી, એક સમયે શ્રી જગન્નાથપુરી જવાને નિજ ભક્ત મહારાજા

ભરતપુરે સ્ટીમર તૈયાર કરાવી મહારાજ શ્રીને વિનતી કરી હતી, ત્યારે મહારાજશ્રીએ આજ્ઞા કરી હતી કે-"સ્ટીમરમાં અમારૂં નિત્યકર્મ બની શકશે નહિં માટે અમારૂ આવવું અશકય છે" એ પ્રકારે આજ્ઞા થતાં મહારાજા ભરતપુરે મહારાજશ્રીનું નિત્યકર્મ બની શકે તેવી ગોઠવણી કરાવી હતી.

મહારાજ શ્રીનો સર્વે પ્રતિ સમાન ભાવ.

મહારાજ શ્રી સર્વેકોમ તેમજ સંપ્રદાયો પ્રત્યે સદ્‌ભાવ રાખતા હતા, એક સમયે મહારાજ શ્રીની પધરામણી સ્વામિનારાયણના મંદીરમાં ત્યાંના નેતાઓના અતિ આગ્રહથી થઇ હતી, તે સમયે શારદા મઠના સ્વામી શ્રીમાન્ માધવતીર્થજી અને શ્રીસ્વામિનારાયણ મતાનુયાયીઓને ધર્મકલહ ચાલતો હોવાથી મહારાજ શ્રી પ્રત્યે સ્વામિજીને ઇર્ષ્યા પ્રકટ થઇ અને નંદુરબાર પ્રકરણ ઉભું કરી "આમ્નાયતત્વતરંગિણી" વિગેરે ચોપાનિયાં ફેલાવી શ્રી શુદ્ધાદ્વૈત મતાનુયાયીઓ સાથે ધર્મકલહનું બીજ રોપ્યું. પરંતુ તેમના ચોપાનિયાંનું શુદ્ધાદ્વૈત સંપ્રદાયાનુયાયી પંડિતો તરફથી ચૂર્ણશઃ ખંડન કરવામાં આવ્યું જેથી તેઓ શ્રી તે કાર્યમાં વિજયી બની શકયા નહિ, મહારાજ શ્રીને જ્યોતિર્મઠાધીશ્વર શ્રીમાન્ રાજરાજેશ્વરાનંદગિરિ સાથે ઘણોજ સ્નેહ હતો અતએવ મહારાજ શ્રીનો અને શ્રીમાન્ સ્વામિજીનો સાથે ફોટો ઉતારવામાં આવેલો છે જે અદ્યાવધિ ધોળકાના મઠમાં

વિદ્યમાન છે. મહારાજ શ્રી ભારતધર્મ મહામંડલના પણ સંરક્ષક હતા, મહારાજ શ્રી રાય અને રંક પ્રત્યે સમાન ભાવ રાખતા હતા મહારાજ શ્રી ધર્મજીજ્ઞાસુ . શુદ્રાદિકોને ત્યાં પણ પધારતા હતા.

મહારાજ શ્રીની ઉદારતા.

મહારાજ શ્રી વિક્રમાર્ક સવંત ૧૯૩૮ ની સાલમાં પ્રયાગરાજ પધાર્યા હતા. ત્યાં ૧ માસ સુધી સાધુ મહંતોને માટે નિજભંડાર ખુલ્લો મુકયો હતો તથા મહારાજ શ્રીની પાસે કોઇ પણ મતાનુયાયી વિદ્વાનો આવતા તો તેઓનું યથા યોગ્ય સન્માન કરવામાં આવતું હતું મહારાજ શ્રી કોઇ પણ ધાર્મીક વા પરોપકારી સંસ્થાઓમાં પધારતા તો સ્વકીય ભેટ પોતે નહિ સ્વીકારતાં તેવાં ખાતાંમાં અર્પણ કરતા હતા મહારાજ શ્રી જયાં સંસ્કૃત પાઠશાળાઓમાં પધારતા ત્યાં પણ છાત્ર વર્ગનો સત્કાર કરતા હતા. મહારાજ શ્રી લગભગ પાંચેક વર્ષ ઉપર મુંબાઇની લુહાણા બોર્ડીંગમાં પધાર્યા હતા ત્યાં તેઓ શ્રીને ભેટ કરવામાં આવતાં મહારાજ શ્રીએ આજ્ઞા કરી કે–આવાં પરોપકારી ખાતાંમાં અમને બોલાવી જે ભેટ કરવામાં આવે છે તે સ્વીકાર કરવા અમો ખુશી નથી. ઉપરોક્ત આજ્ઞા થતાં તેના નેતાઓએ તે ભેટ સ્વીકારવા મહારાજ શ્રીને અતિ આગ્રહ પૂર્વક વિનતિ કરતાં મહારાજ શ્રીએ તેનો સ્વીકાર કરી તેજ ખાતાને અ-

ર્પણુ કરી હતી. મહારાજ શ્રી પ્રત્યેક સભામાં પધારીને ભાષણો આપતા હતા. કવિકાવ્યરત્નાકર પંડિત બલભદ્રશર્મા સંસ્થાપિત "ધર્મ સુબોધિની સભા" ને સ્વકીય ચંદ્રબાગમાં ત્રણ વર્ષ સુધી ભરી અનુમોદન આપ્યું હતું.

મહારાજ શ્રીનો પ્રબલ પ્રતાપ.

કર્ણાકર્ણિકયા જનસમૂહ દ્વારા શ્રવણ કરવામાં આવ્યું છે કે સ્વલ્પ સમય ઉપર મહારાજ શ્રી પંજાબ તરફ પધાર્યા હતા, ત્યાં સંતત સભાઓ ભરવામાં આવતી હતી અને વેદ મંત્રોના પ્રમાણોથી ભાષણો આપવામાં આવતાં હતાં તથા કુતર્ક કરનારાઓને વેદ પ્રામાણ્યથી નિરૂત્તર કરવામાં આવતા હતા એક સમયે કેટલાએક મનુષ્યોએ આવી મહારાજશ્રીને કહ્યું કે આપ વલ્લભકુલ કહેવાવછો અને શ્રી વલ્લભાચાર્યજી શ્રી વૈશ્વાનર અગ્નિના અવતાર હતા એમ કહેવામાં આવે છે તે જો સત્ય હોય અને આ આપની પાસે જેઠાકુરજી રાખેલા છે તેમાં જો કાંઇ દૈવત હોય તો આ સામે જે કાષ્ઠનો સમૂહ પડેલો છે તેમાં આપ અગ્નિ પ્રકટ કરો ? એ સાંભળી મહારાજ શ્રીએ કહ્યું કે તમો દુરાગ્રહ છોડી દ્યો ? એમાંથી કાંઈ તમોને લાભ મળનાર નથી, એમ સમજાવવા છતાં પણ તેઓએ માન્યું નહિ અને પરિણામે તેમના દુરાગ્રહ વશાત્ મહારાજ શ્રીએ સામે પડેલા કાષ્ઠ સમૂહ ઉપર જલ પ્રોક્ષણ કરી તત્કાલ પ્રત્યક્ષ

અગ્નિ પ્રકટ કર્યો આ અગ્નિ અતીવ પ્રચંડ પ્રદીપ્ત થઇ સમગ્ર ગામનો વિનાશ કરવા લાગ્યો, જેથી સમગ્ર ગામે મહારાજ શ્રીને શરણે આવી સ્વાપરાધની ક્ષમા માગી અગ્નિ શાંત થવા પ્રાર્થના કરી કે તત્કાલ મહારાજ શ્રીએ આજ્ઞા કરી કે જાવ ? "અગ્નિ શાંત થયો" લોકો જોવા લાગ્યા તો અગ્નિ સ્વયં શાન્ત થયેલો જોવામાં આવ્યો. આ ચમત્કાર જોઇ સહસ્ત્રાવધિ જીવો મહારાજ શ્રીને શરણે આવી પ્રભુ શરણાગત થયા હતા, બાદ મહારાજ શ્રી ત્યાંથી સ્પેશીઅલ ટ્રેનમાં અજમેર પધાર્યા હતા. ઉપરોક્ત આખ્યાયિકા ઉપરથી મહારાજ શ્રી પોતે શ્રીમદ્વલ્લભાચાર્યાવતાર હતા એમ સિદ્ધ થાય છે.

મહારાજ શ્રીનો અંતિમ શાસ્ત્રાર્થ.

કેટલોએક સમય થયાં શારદામઠના સ્વામી શ્રીમાન્ માધવતીર્થજીએ પુષ્ટિ સંપ્રદાયને અવૈદીક બનાવવાનું સાહસ ઉઠાવી "આમ્નાયતત્વતરંગિણી" પ્રભૃતિ ચોપાનિયાંનો ફેલાવો કર્યો હતો, કિંતુ તેના સામે પુષ્ટિ સંપ્રદાય તરફથી આમ્નાયતત્વભાસ્કર, દુર્મતધ્વાન્તભાસ્કર સત્સિદ્ધાન્તસહસ્ત્રાંશુ, વૈદીકમાર્ગનિરીક્ષા, તથા પુષ્ટિસંપ્રદાય વૈદીક હૈ, પ્રભૃતિ ગ્રંથોએ પ્રકટ થઇ મલ્લયુદ્ધ શરૂ કરી તે ચોપાનિયાંનો પરાજય કર્યો હતો, તથાપિ સ્વામિજીની સ્વારી જ્યારે સિદ્ધપુર મુકામે પધારી ત્યારે "વૈદિક ધર્મા-

મૃત વર્ષિણી સ્માર્ત સમિતિ" નામની એક સંસ્થા સ્થાપી સ્વયં અશક્ય હોવાથી વા ગમે તે કારણથો તે સંસ્થાના નામથી તા. ૨૪ સપ્ટેંબર ૧૯૧૦ ના સાંજ વર્તમાન પત્રમાં મહારાજ શ્રી ને શાસ્ત્રાર્થ માટે ચેલેંજ છપાવી, ઉક્ત સમયમાં મહારાજ શ્રી વ્રજ યાત્રા કરવા પધાર્યા હતા તે સમયનો ખોટી તકનો લાભ લેઈ સ્વયં વિજયી બનવાની લાલસાથી ઉપરોક્ત ચેલેજ છપાવેલી હોય એમ ખાત્રી થાય છે તથાપિ મહારાજ શ્રીએ તે ચેલેંજને પ્રેમ પુષ્પથી વધાવી લેઇ સ્વસંપ્રદાયના સિદ્ધાંતનું મંડન કરવાને કટિ બદ્ધ થઇ શાસ્ત્રાર્થ કરવાનો સહર્ષ સ્વીકાર કરી તીર્થરાજ પ્રયાગમાં તે સમયે પ્રદર્શન હોવાથી અનેક વિદ્વાનો મહાત્માઓ રાજા મહારાજાઓ તથા સાધુ સજ્જનો પ્રાપ્ત થાય તેના સમક્ષમાં શાસ્ત્રાર્થ કરવાને આમંત્રણ કર્યું હતું, તથાપિ સ્વામિજી "કલ્પિત માર્ગ કંટક દ્રુમદાવાનલ': ની પ્રસ્તાવનાના પૃષ્ઠ ૩ જામાં જણાવે છે કે-"મહાશય દેવકીનંદનજી તરફથી શાસ્ત્રાર્થ બદલ કંઇ પણ સ્વીકાર થયો નહિ" આ લખવું તેમનું કેટલે અંશે સત્ય છે તે કલ્પિત માર્ગ કંટક દ્રુમદાવાનલના ખંડનરૂપ શાસ્ત્રીજી છગનલાલ અમરજી કૃત "શારદા મઠ ધર્મ પ્રકરણા ન્યાય નીહાર ભાસ્કર" નામના ગ્રંથની પસ્તાવનાના પૃષ્ઠ ૩૦ થી ૩૩ સુધી તથા પૃષ્ઠ ૪૧ પરિશિષ્ટ વાંચવાથી ખાત્રી થશે, તેમાં સ્પષ્ટ જણાવ્યું છે કે સ્વામીજી

સાથે ગમે તે સમયમાં ગમે તે ભાષામાં શાસ્ત્રાર્થ કરવાને તૈયાર છીયે, પરંતુ મને તો દૃઢ આશા છે કે સ્વામીજી અદ્યાવધિ શાસ્ત્રાર્થ કરવામાં કોઈની સાથે વિજયી થયા નથી તેમ થવાના પણ નથો. સ્વામીજીએ આર્યસમાજ સાથે કલહ ઉપાડયો હતો તેનું પરિણામ "અમલસાડ શાસ્ત્રાર્થ" નામની ચોપડીમાં સુપ્રસિદ્ધ છે. સ્વામિનારાયણ મતાનુયાયીઓનું પરિણામ સુસ્પષ્ટ છે કે અંતે સમાધાન કરવું પડયું અને શ્રી શુદ્ધાદ્વૈત સંપ્રદાયાનુયાયીઓ સાથે જે પરિણામ આવ્યું તે અઢીઆનાની ટિકીટો બીડી મારી તરફથી પ્રકટ થયેલ "વિજયપત્રિકોન્મૂલનકુઠાર" નામનો ગ્રંથ મંગાવી વાંચવાથી પૂર્ણ ખાત્રી થશે.

મહારાજ શ્રીનો લૌકિક પાંચ ભૌતિક દેહ કેટલાએક માસથી વ્યાધિગ્રસ્ત હોવાથી મહારાજ શ્રી રાજનગર (અમદાવાદ) બિરાજતા હતા, ત્યાં મહારાજ શ્રીની મુલાકાતે શ્રી નાથદ્વારાધીશ ગોસ્વામિતિલકાયિત શ્રી ૧૦૮ ગોવર્ધનાચાર્યજી મહારાજ તથા કેટલાએક અન્ય ગોસ્વામિ મહારાજો પણ પધાર્યા હતા, તથા મહારાજ શ્રીનાં અંતિમ દર્શનાર્થે મુંબાઈના સુપ્રસિદ્ધ શેઠીઆઓ અને અન્ય સહસ્ત્રાવધિ વૈષ્ણવો અનેક ગ્રામોથી નિત્ય પ્રતિ આવતા હતા, મહારાજ શ્રીનો સેવામાં તેઓ શ્રીના લાલબાવા શ્રીમાન્ વલ્લભાચાર્યજી સદા કટિબદ્ધ રહેતા હતા. મહારાજ શ્રીની

ગોલોક નિત્યલીલામાં પધારવાની નિજેચ્છા થતાં શ્રાવણ શુકલ ૧૧ ભોમવારે રાજનગર (અમદાવાદ) થી અજમેર પધારી સ્પેશીઅલ ટ્રેનમાં શ્રી મથુરાંજી પધાર્યા અને ત્યાં પાંચ દિવસ બિરાજી શ્રીમદ્ ગોકુલચંદ્રમાજીના ચરણારવિંદનું સ્મરણ કરી શ્રાવણ કૃષ્ણ ૨ સોમવારના પ્રભાતમાં શ્રી યમુનાજી સાન્નિધ્ય લૌકિક પાંચ ભૌતિકનો પરિત્યાગ કરી ગોલોક નિત્ય લીલામાં પધાર્યા. મહારાજ શ્રીના લીલામાં પધારવાથી વૈષ્ણવો એજ નહિ કિંતુ સમગ્ર ભારત વર્ષે જે રત્ન ગુમાવ્યું છે અને તેથી જે અસહ્ય દુઃખ પ્રાપ્ત થયું છે તે લેખીની બાહ્ય હોવાથી છેવટે તેઓ શ્રીના લાલબાવા શ્રીમદ્વલ્લભાચાર્યજી કે જેઓ શ્રીની વય અધુના ૧૯ વર્ષની છે તેઓ શ્રી મહારાજ શ્રીના સમાન વિદ્વાન્ પ્રતાપી અને ધૈર્યશાલી બની સર્વને શુભ દર્શન આપો એવી શુભેચ્છા પૂર્વક અત્ર વિરમીએ છીએ.

લે૦ મહારાજ શ્રીનો સેવક.

ઉમરેઠ નિવાસી

શાસ્ત્રી જયેષ્ઠારામ હરિજીવન જોશી.

॥ શ્રી કૃષ્ણાયનમઃ ॥

ગોલોક લીલા નિત્યનિવાસી

ધર્મધુરંધર ગોસ્વામિ-
વર્ય શ્રીમદ્ દેવકીનંદ-
નાચાર્યજી.

મહારાજનો શોકાવિર્ભાવ (વિરહબત્રીસી)

(મરશીયા)

પ્રભુ આશો ગજબ થયો ભારી !
દેવકીનંદને લીલા વિસ્તારીરે. પ્રભુ૦ ૧

દેવકીનંદન જે સુખદાયી,
જેની કીર્તિ તે હિંદમાં છવાઈ;
ધર્માચાર્ય હતા જે ન્યાયીરે. પ્રભુ૦ ૨

વેદ શાસ્ત્રોમાં હતા જે પૂરા,
વાદ વિવાદમાં બહુ શૂરા;
કર્મકાંડમાં નહિરે અધૂરારે. પ્રભુ૦ ૩

સંસ્કૃત ભાષણો બહુ કીધાં,
મન વૈષ્ણવનાં હરી લીધાં;
વચનામૃત ધર્મનાં દીધાંરે. પ્રભુ૦ ૪

હરિદ્વાર રામેશ્વર કાશી,
બદ્રિનારાયણ સુખરાશી;
ચંપારણ્ય રહ્યું જે પ્રકાશીરે. પ્રભુ૦ ૫

દ્વારામતી જગન્નાથ પુરી,
ત્યાં ત્યાં વિદ્વત્સભાઓ ભરી;
ગુરૂવર્યે ત્યાં કીર્તિ પ્રસારીરે. પ્રભુ૦ ૬

બ્રહ્મ સંબંધનાં જ્ઞાન દીધાં,
સર્વ વર્ણોએ ઉપદેશ લીધા;
જીવ પ્રભુ પરાયણ કીધારે. પ્રભુ૦ ૭

પુષ્ટિ માર્ગ પ્રસાર બહુ કીધો,
ધર્મ ઉપદેસ સૌને દીધો;
દૈવીજીવનો ઉદ્ધાર કીધોરે. પ્રભુ૦ ૮

વિદ્વજ્જનોને સન્માન દેતા,

સદ્ધર્મ પરાયણ રહેતા;
સત્ય હોય તે શ્રી મુખે કહેતારે. પ્રભુ૦ ૯

પુરી સાતે છે મોક્ષદાયી,
તેમાં મથુરાં મુખ્ય કહેવાયી;
યમુના તટ રહ્યું સુખદાયી રે. પ્રભુ૦ ૧૦

શ્રાવણ કૃષ્ણ દ્વિતીયા કહેવાયી,
સોમવાર થયો દુ:ખદાયી;
પ્રભાતમાં લીલા વિસ્તારી રે. પ્રભુ૦ ૧૧

ત્રાસ તારે અતિશય દીધો,
જન સમૂહે ખેદ બહુ કીધો;
શોક સમાચારે ઘા કીધોરે. પ્રભુ૦ ૧૨

ગામે ગામ તે હડતાલ પડીયો,
પુણ્ય ગરીબોને બહુ કરીયાં;
ગુરૂ ! ગોલોક ઉરમાં ઠરીયોરે. પ્રભુ૦ ૧૩

દુ:ખ દરીઆમાં સૌને ડુબાવ્યા,
વિનતિ કોઈની ઉરમાં ન લાવ્યા;
જ્યેષ્ઠારામ કહે અમને ડુભાવ્યારે. પ્રભુ૦ ૧૪

જન રૂએ સૌ નરને નારી;
ત્રાહિ ત્રાહિ કરે સૌ પોકારી,
દર્શન દઈને લ્યોને ઉગારીરે. પ્રભુ૦ ૧૫

પ્રેમ કેમ તમે આજે અમોથી ઊતાર્યો ?

હિંદુસ્થાને તે હીરો ગુમાવ્યોરે. પ્રેમ૦ ૧૬

સૂર્ય ભારતનો અસ્ત પામ્યો,
ગોલોકમાં જઇને કામ્યો *
મથુરાં પુરીમાં તેતો વિરામ્યોરે. પ્રેમ૦ ૧૭

દીપ ભારતનો આજે બુઝાયો,
ઠરતાં દીપ તે જન ધવાયો;
દેશ હિંદ દીસે ગભરાયોરે. પ્રેમ૦ ૧૮

પ્રતાપી મહાપ્રભુ જેવા,
ગુરૂવર્ય હવે કોને કહેવા;
લીધા લ્હાવા હવે કયાંથી લેવારે. પ્રેમ૦ ૧૯

ધર્મામૃતનું પાન કરાવ્યું,
ત્રિવિધ તાપનું સંકષ્ટ કાપ્યું;
સુખ આપ્યું અમોને અમાપ્યુંરે પ્રેમ૦ ૨૦

પંડિત બાલ સરસ્વતી* જેવા,

---

* ગોલોકમાં જઇને પ્રકાશ થયા.

* કાશીના સુપ્રસિદ્ધ પંડિત મહામહોપાધ્યાય શિવકુમાર પ્રભૃતિના વિદ્યાગુરૂ શ્રીબાલસરસ્વતી, પોતે સરસ્વતીનો અવતાર કહેવાતા હતા તેમના જેવા.

સભા ભાસ્કર હવે કોને કહેવા;
વિદ્વજ્જને આશ્રય કોના લેવારે. પ્રેમ૦ ૨૧

કલ્પવૃક્ષ થયુંરે અદૃશ્ય,
ઓછાં દીસે અમારાં પુણ્ય;
લાગે સંસાર અમને શૂન્યરે. પ્રેમ૦ ૨૨

જન ઉદ્ધાર ઉરમાં લાવ્યા,
જન્મ ગ્રહી અવનિપર આવ્યા,
કરી કલ્યાણ ગોલોક સિધાવ્યારે. પ્રેમ૦ ૨૩

પ્રભુ સેવાનો ઉપદેશ દાતા,
આપ કીર્તિનાં ગાન અમે ગાતા;
કેમ રખડાવી આજ મને જાતારે. પ્રેમ૦ ૨૪

જ્યેષ્ઠારામને આપે નિભાવ્યો,
દેશો દેશમાંહી ઓળખાવ્યો;
કેમ વિલાપ અંતે કરાવ્યોરે. પ્રેમ૦ ૨૫

દર્શન દેઇને લ્યોને ઊગારી !

કષ્ટ વિયોગનાં ઉર ધારીરે. દર્શન૦ ૨૧

થાય છોરૂ કછોરૂ કદાપી,
માત તાત કરે તોય માફી;
નથી આજ્ઞા અમોએ ઉત્થાપીરે. દર્શન૦ ૨૨

ભારત આજે દીસે છે ઉદાસી,
વિદ્વજ્જનો થયા છે નિરાસી;
આપે ક્યાં જઇને જ્યોતિ પ્રકાશીરે. દર્શન ૨૮

સરસ્વતીની શોભા વધારી,
વિદ્વજ્જનોને રાખ્યા નિભાવી;
કીર્તિસ્થંભ અખંડ સ્થપાવીરે. દર્શન૦ ૨૯

દેવકીનંદન જે સુખદાતા,
જેના ગુણ ગણ્યા ન ગણાતા;
એવા મળશે કોણ મને ત્રાતારે. દર્શન૦ ૩૦

અશ્રુપાત કરે નરનારી,
વર્ણ અઢારે મુખે ઉચ્ચારી;
કોણ આવીને લેશે ઉગારીરે. દર્શન૦ ૩૧

રંક જનોની આપદ વિદારી,
વિનતિ ભારતની ઉર લાવી;
જ્યેષ્ઠારામ કહે છે પોકારીરે.

દર્શન દેઇને લ્યોને ઊગારી.

ॐ

આ પુસ્તક મળવાનાં ઠેકાણું.

૧ શાસ્ત્રી જયેષ્ટારામ હરિજીવન જોશી પાટણ-ગુજરાત.

૨ શાસ્ત્રી ભવાનિશંકર હરજીવન જોશી.
ગોસ્વામિ મહારાજના મોટાં મંદીર પાસે.—ઉમરેઠ. તા૦ આણંદ.

૩ શાસ્ત્રી મણિશંકર ભાઇશંકર
સરકારી સંસ્કૃત વ્યાકરણ શાળાના ઉપગુરૂ.—પેટલાદ. આણંદ પાસે

૪ ત્રિભોવનદાસ પિતાંબરદાસ શાહ.
મંત્રી- શ્રી પુષ્ટિમાર્ગીય પુસ્તકાલય--નડીઆદ. જી૦ ખેડા.

૫ પંડિત નારાયણ મૂલજી બુકસેલર.
કાલબાદેવીરોડ રામવાડી પોષ્ટ નં. ૨—મુંબાઇ.

૬ સેક્રેટરી—શ્રી ગોવિંદ પુષ્ટિમાર્ગીય પુસ્તકાલય
છબીલાજીના મંદીરમાં.—ભાવનગર.

परिशिष्ट. "अ"

ગોસ્વામિવર્ય શ્રી ૧૦૮ શ્રીમદ્ દેવકીનંદનાચાર્યજી મહારાજ તરફથી શારદા મઠના સ્વામી શ્રી માધવ તીર્થજીને શાસ્ત્રાર્થ કરવા માટે મોકલવામાં આવેલા પત્રની નકલ.

શારદા મઠકે સ્વામી શ્રી માધવતીર્થજી !

તીર્થરાજ પ્રયાગમેં શાસ્ત્રાર્થ કર લીજીએ.

સમસ્ત ધર્મ પ્રેમી સજ્જનોંકો જ્ઞાત હોકિ ઇસ સમય મુંબઇ, ગુજરાત પ્રાન્તમેં સ્માર્ત ઔર વૈષ્ણવ પ્રજામેં પરસ્પર ખણ્ડન મણ્ડનકી ચર્ચા બડે જોરસેં ચલ રહી હૈ, સ્માર્ત મહાશય પુસ્તકો, સમાચાર પત્રો એવં વ્યાખ્યાનો દ્વારા વૈષ્ણવોપર નાના ભાંતિકે કટાક્ષ, કુતર્ક તથા આક્ષેપ કર રહે હૈ, ઔર વૈષ્ણવ મહાનુભાવ વિરોધી જનોંકી સબ શંકાઓકા વિદ્યાવાચસ્પતિ સુપ્રસિદ્ધ મહોપદેશક શાસ્ત્રી શ્રીયુત પં૦ શંકર દયાલુ શર્મા મિશ્ર દ્વારા પ્રકાશિત "પુષ્ટિ

સંપ્રદાય વૈદિક હૈ" આદિક પુસ્તકોંસે સમાધાન કરકે હિન્દુ પ્રજામેં શાન્તિકી અભિલાષા કર રહે હૈ. પરંતુ બડે હિ ખેદકી વાત હૈ ઔર સબ દેશ હિતૈષિયોંકે વિશેષ ધ્યાન દેનેકે યોગ્ય બાત હોકિ, દોનો દલોમેં વૈમનસ્ય બઢતાહી જાતા હૈ, યહાં તક કિ યદિ ઇસ ઝઘડેકા અન્ત શીઘ્ર ન હોગા, તો હિન્દુ મહા જાતિકી બડી ભારિ હાનિકા હોના સંભવ હૈ. કિન્તુ ક્યા કિયા જાય. વારંવાર સમજાને પર ભી શ્રી શંકરાચાર્ય મહારાજ કે શારદા મઠકે વર્તમાન મહંત શ્રી માધવતીર્થજી શાન્ત નહી હોતે, ઔર ઉનકે અનુચર લોક વ્યર્થ મેં જગદ્‌ગુરૂ ગોસ્વામી શ્રી ૧૦૮ દેવકીનંદનાચાર્ય મહારાજ જૈસે સર્વમાન્ય તપસ્વી વૃદ્ધ મહાપુરૂષોકોં શાસ્ત્રાર્થકે લિયે ચૈલેંજ દેતે હૈં! શોક! શોક! મહા શોક હૈ, મહંતજીકે વિચારોપર નિષ્ફલવાદ! વિતંડા વાદમેં હી અપને સન્યાસી પનકી ઇતિ કર્તવ્યતા સમઝતે હૈ. ઔર—

" अतिवादां स्तितिक्षेत नावमन्येत कञ्चन ।
न चेमं देहमाश्रित्य वैरं कुर्वीत केनचित् ॥ "

ઇસ મનૂક્ત અપને ધર્મકો ભૂલ રહે હૈ। પ્યારે સજ્જનો? આપહિ વિચાર કરેંકિ યદિ સન્યાસીજી તથા ગોસ્વામીજી દોનો મહા શક્તિમાન્ મિલકર કિસી ઉન્નતિ કે કાર્યમેં અપના પ્રતાપ લગા દે તો ન જાને ઇસદીન ભારત

દેશકા કિતના ઉપકાર હોતા. યહ સમય ઘરમેં લડનેકા નહી હૈ। યંહા વિચાર કર ગોસ્વામીજી સભા કંરતેં ચલે જાતે હૈં। પર ન માલુમ વલ્લભ સંપ્રદાયકા ઉત્તમ પરિણામ સન્યાસીજીકો કયોં ખટકતા હૈ? ઔર બાર બારવાસી કઢી મેં ઉબાલ આતા હી જાતા હૈ? ૨૪ સિતંબર ૧૯૧૦ કે સાંજ વર્તમાન નામક મુંબાઇ કે ગુજરાતી અખબારમેં સિદ્ધપુરકી વૈદિક ધર્મામૃત વર્ષિણી સ્માર્ત સમિતિને વૈષ્ણવોકો વિશેષ કરકે ગોસ્વામીજીકો શાસ્ત્રાર્થકા ચૈલેંજ દિયા હૈ. જિસકા સાર યહિ હૈ કિ અમુક સમયમેં ગોસ્વામીજી સિદ્ધપુર યા ઠાકોરજીમેં સન્યાસીજીસેં શાસ્ત્રાર્થ કરેં, અન્યથા વ પરાજીત સમજે જાનેંગે ઇત્યાદિ ॥

ચૈલેંજ સ્વીકાર હૈં!

હમલોક શાસ્ત્રાર્થકે લિયે સહર્ષ તૈયાર હૈં

ઉસ સમય શ્રી ગોસ્વામીજી મહારાજ નિયમ પૂર્વક શ્રી વ્રજ યાત્રા કર રહે થે કિ વે તો ઇસ મોંકે પર આવેંગે હી નહીં, ચલો ચૈલેંજ છપાકર ભોલી પ્રજાકી આંખોમેં ધૂલ ઝોંક કર અપને મનાન્ધ ચેલોંમેં વાહ વાહી લુટ લે, સ્માર્ત સમિતિકી ઇસ ચતુરતાકી બલિહારી હૈ. 'અગર

અન્ત તક ઐસીહી પૉલિસી રહી, તબતો યહી સમજા જા-યગા કિ, માયાવાદી લોગ જૈસે ધર્મ, કર્મ, વેદ, શાસ્ત્ર સબ સંસારકી સ્વપ્નવત્ મિથ્યા માનતે હૈં, વૈસેહી સિદ્ધ-પુરકી સ્માર્ત સમિતિ ઉસકે ગૂઢ ઔર શાસ્ત્રાર્થકા ચૈલેંજ સભા કુછ મિથ્યા માયા જાલ સ્વપ્નવત્ ઝૂંઠા થા યદ્યપિ હમ વૈષ્ણવ ગણ ધૂમ ધામસે શાસ્ત્રાર્થકા પ્રબન્ધ કરરહેં હૈ; કિન્તુ આશ્ચર્ય નહીં કિ, સ્માર્ત સમિતિ કહ દેકિ હ-મારા ચૈલેંજ તો રજ્જુમેં સર્પકી ભ્રાન્તિ હમમેં મિથ્યાહિ થા અવશ્યહી માધવતીર્થજી ઐસાહી કોઇ ઐન્દ્ર જાલિક જાલ બિછા રહે હૈં, તથાપિ ઇસ જાલમેં પબ્લિકકી રક્ષાકરને એવં વૈષ્ણવ ધર્મ સત્ય વૈદિક સિદ્ધાન્ત હૈ. ઇસ વાતકો સુપ્રસિદ્ધ કરનેકે લિયે અપને ગોસ્વામીજીસે નિવેદન કીયા ઔર બડે આનન્દકી વાર્તા હેકી **શ્રી મહારાજને શા-સ્ત્રાર્થ કરના સ્વીકાર કીયા હૈ શ્રી માધવતીર્થજી ચાહે જિસ સમય ચાહે જિસ ભાષામેં શાસ્ત્રાર્થ કરલે**ં, પરન્તુ અનેક સજ્જનોંકી સમ્મતિસેં હમને ઇસ **મહાસભા કે લીયે માઘ માસમેં તીર્થરાજ પ્રયા-ગકા સ્થાન ઉપયોગી,** અથ ચ **પરમોત્તમ સમજા હૈ** સબ સંપ્રદાયોંકે મહાત્મા વિદ્વાન્ સાધુજન તથા પ્રદર્શની કે કારણ બડે બડે રાજા, રઇત, શેઠ. શાહુકાર, માનનીય, અપસર ઇત્યાદિ સભી ગણ્યમાન્ય પુરૂષ એક ચિત્ત હોંગે

અતએવ સ્માર્ત સમિતિકો સૂચનાદી જાતી હૈ કિ, વહભી ઇસ સમય તથા સ્થાનકો સ્વીકાર કરકે શીઘ્ર તિથિ નિશ્ચિત કરે ઔર સર્વ સાધારણ સજ્જનોસે હમ લોગ સવિનય નિવેદન કરતે હૈ કિ, એસે વૈમનસ્યોત્પાદક કાર્યોંમેં ગોસ્વામીજીકી કદાપિ રૂચિ નહીં હૈ, કેવલ ઝગડા તોડને વા સન્યાસીજીકો શાન્ત કરનેકે પ્રયોજનસેં હી હમે યહ ઘોષણ કરની પડી, તાકો સ્માર્ત સમિતિ વૈષ્ણવોકો પરાજીત સમજનેંકા કષ્ટ ન ઉઠાવે.

ઉપર પ્રમાણે મહારાજ શ્રી તરફથી પ્રત્યુત્તર આપવામાં આવ્યો હતો. ઇતિ

આ ગ્રંથના અગાઉથી ગ્રાહક થઈ આશ્રય આપનાર આશ્રયદાતાઓનાં નામ.

નકલ	નામ	ગામ
૧૦૦	શ્રીમાન્ શેઠજી ખીમજીભાઇ કુંવરજી	મુંબઈ
૫૧	રા. રા. શ્રીમાન્ શેઠજી પ્રાગજી સૂરજી	મુંબઈ.
૨૦	રા. રા. શ્રીમાન શેઠ ચુંનીલાલ મોતીરામ,	પૂના
૧૦	રા. રા. શ્રીમાન્ શા. ચુનીલાલ હિંમતલાલ	ચાંદોદ.
૫	રા. રા. શ્રીમાન્ ચુનીલાલ ગિરિધરદાસ સેક્રેટરી શ્રી ગોવિંદ પુષ્ટિ માર્ગીય પુસ્તકાલય	ભાવનગર
૨	રા. રા. શ્રીમાન્ દેસાઇ શંભુલાલ લાલભાઇ	નંદુરબાર
૨	રા. રા. શ્રીમાન્ રણછોડદાસ મૂલચંદદાસ	બાલીસાણા

પાટણ—ગુજરાત.

નકલ	નામ
૨	રા. રા. શ્રીમાન્ સોની ગોરધનદાસ વિરચંદદાસ
૨	રા. રા. શ્રીમાન્ રામલાલ ચુનીલાલ મોદી
૧	,, ,, શાહ નગીનદાસ લક્ષ્મીચંદ
૧	,, ,, પરીખ મોહનલાલ ગિરધરલાલ
૧	,, ,, મહેતા નરોતમદાસ ગોપાળદાસ
૧	,, ,, છોટાલાલ શામલદાસ શાહ
૧	,, ,, મોહનલાલ નાગરદાસ શાહ
૧	રા. રા. શ્રીમાન્ હરીલાલ ઘેલાભાઈ

૧ ,, ,, નાનાલાલ ગોપાલદાસ પરીખ
૧ ,, ,, કેશવલાલ કેવલદાસ ઠક્કર
૧ ,, ,, માણેકલાલ હરિવલ્લભદાસ
૧ ,, ,, કાલીદાસ દલપતરામ
૧ ,, ,, શાહ રણછોડદાસ હરગોવિંદદાસ
૧ ,, ,, પંડયા અમથાલાલ ગોપાલજી
૧ ,, ,, શાહ મણીલાલ મગનલાલ
૧ ,, ,, મોતીલાલ ત્રિકમદાસ
૧ ,, ,, પરીખ ભોગીલાલ બાપુલાલ
૧ ,, ,, ગોપાલદાસ રણછોડદાસ
૧ ,, ,, ઠક્કર ચુનીલાલ રણછોડદાસ

જંબુગામ.

૩ ,, ,, દેસાઈ ચુનીલાલ મનસુખરામ
૨ ,, ,, ગાંધી મનસુખલાલ હરીલાલ. સંખેડા.
૧ ,, ,, કાશીભાઈ લક્ષ્મીદાસ પટેલ. અમરેલી.
૧ ,, ,, દવે હરિકૃષ્ણ વૈકુંઠરામ સખનપુર.
૨ ,, ,, શ્રી સંતોબા મહારાજ કુકરમુંડા.
૨ ,, ,, શાહ જેઠાલાલ ગોકલદાસ ડભોઈ.
૧ ,, ,, મણીલાલ કેશવલાલ લાલભાઇ સીનોર.
૧ ,, ,, વકીલ મણીલાલ દામોદરદાસ જંબુસર.
૧ ,, ,, વ્યાસ કેશવલાલ દેવરામ આડીસર.
૧ ,, ,, ભીખાભાઇ સાંકલચંદ બાલીસાણા.

પરિશિષ્ટ. "ब"

આચાર્યશ્રીના સ્મરણાર્થે સ્થપાયેલાં સ્મારકો.

ઔષધાલય—મુંબઈમાં શ્રીમાન્ શેઠજી શામજી શિવજી તરફથી મહારાજશ્રીને નામે ભાટીઆઓ માટે દવાખાનું સ્થાપવા માટે રૂ. ૧૧૦૦૦ કાઢવામાં આવ્યા છે. આશા છે કે આ દવાખાનું ભાટીઆ કોમ માટેજ નહિ કિંતુ સાર્વજનીક સ્થપાશે તો સ્તુતિપાત્ર કહેવાશે.

ઇનામી નિબંધ—શ્રીમાન્ શેઠજી ખીમજી કુંવરજી તરફથી "અણુભાષ્ય" માટે સૌથી સરસ નિબંધ લખનારને રૂ. ૧૦૦ સ્કૉલરશીપ આપવા માટે યુનિવર્સિટીને રૂ. ૪૦૦૦ આપવામાં આવનાર છે.

ચરિત્ર—શ્રીમાન્ શેઠજી કાનજી ખટાઉ તરફથી મહારાજશ્રીનું જીવન ચરિત્ર લખનારને રૂ. ૧૦૦૦ ઇનામ આપવામાં આવનાર છે.

સદાવ્રત—હડમતીઆના મહંત શ્રી ઉદ્ધવદાસજી મહારાજ તરફથી ફંડ ઉભું કરી મહારાજ શ્રીના નામે દાળ ચોખા આપવાનું સદાવ્રત ખુલ્લું મૂકવામાં આવ્યું છે.

સદાવ્રત—હાલાર વણથલીના શ્રી ગોવરધન નાથજીના મંદીર તરફથી ફંડ ઉભું કરી મહારાજ શ્રીના નામે સદાવ્રત ખોલવામાં આવ્યું છે, જેમાં સાધુ બ્રાહ્મણોને ચણા આપવામાં આવે છે.

પાઠશાલા—ગોપીપરામાં મહારાજ શ્રીના મંદીરમાં સુરતના વૈષ્ણવો તરફથી મહારાજ શ્રીના સ્મરણાર્થે પુષ્ટિ સાંપ્રદાયીક પાઠશાલા સ્થાપવાની હીલચાલ ચાલે છે આશા છે કે આ કાર્ય સત્વરથી શરૂ થશે.

અન્નક્ષેત્ર—મુંબાઇના કાપડના વ્યાપારી શેઠ કારાભાઇ મૂલજી તરફથી મહારાજ શ્રીને નામે અન્નક્ષેત્ર ખોલવા રૂ. ૧૦૦૦૦ આપવામાં આવ્યા છે.

એ શિવાય મુંબઇના સુપ્રસિદ્ધ શેઠ પ્રાગજી સુરજી તરફથી રૂ. ૫૦૦૦ તથા શેઠ મૂળજી હરિદાસ તરફથી રૂ. ૫૦૦૦ કાઢવામાં આવ્યા છે. મદ્રાસના વૈષ્ણવોએ પણ રૂ. ૧૦૦૦ નું ફંડ કર્યું છે. પરંતુ અમદાવાદના વૈષ્ણવો તરફથી હજુ કાંઇ જાગૃતિ જણાતી નથી, આશા છે કે તેઓ પણ સ્મારક કરવા પછાત નહિજ રહે.

વિજ્ઞાપન.

આ સંસારમાં રાજકીય, સામાજીક, અને ધાર્મીક એવી પ્રધાન સંસ્થાઓ છે, તે સંસ્થાઓનો સુપ્રબન્ધ કરવા માટે નિપુણનેતાઓની આવશ્યકતા છે, જેમ રાજકીય પ્રબન્ધ માટે રા આવશ્યક્તા છે, જેમ સામાજીક પ્રબન્ધ માટે પ્રમુખ (શેઠ આવશ્યક્તા છે, તેમ ધાર્મીક પ્રબન્ધ માટે ધર્મ શાસ્ત્રોક્ત લક્ષણ ધર્માચાર્ય (ગુરૂ) ની આવશ્યક્તા છે અને એટલાજ માટે વેદ વાન્ પણ એજ આજ્ઞા કરે છે કે--" **आचार्यवान्पुरुषोवेद** " ચાર્ય શિવાય ઇશ્વર સંબંધી જ્ઞાન પ્રાપ્ત થઇ શકતું નથી અ ધર્માચાર્યની આવશ્યકતા ધર્મશાસ્ત્રકારોએ પણ સ્વીકાર કરેલ ધર્મ શાસ્ત્રોક્ત લક્ષણોવાળા આ ભારત વર્ષમાં અનેક આચાર્યો ગયા છે તેમાં ભગવાન્ ભાષ્યકાર **શ્રીમન્મહાપ્રભુ શ્રીમદ્ વલ્લભાચાર્યજી** એક આદર્શરૂપ ધર્માચાર્ય થઇ ગયેલા છે આ સનાતન ધર્મ સંરક્ષક આચાર્યના પુત્ર **શ્રી વિઠ્ઠલનાથજી** પણ સમર્થ પુરૂષ હતા, તેમને સાત લાલજી (પુત્ર) હતા, તેઓને પૃથક્ પૃથક્ શ્રી ઠાકુરજીનું સ્વરૂપ સેવવા માટે પધરાવી આપ્યું ત્યારથી તેમના વંશજો જુદી જુદી પીઠના ધર્માચાર્ય તરીકે પ્રસિદ્ધ થયા, તેમાં **પંચમપિઠાધિપતિ શ્રીમદ્ દેવકીનંદનાચાર્યજી મહારાજ** પણ સમર્થ પ્રતાપી હોવાથી તેઓશ્રીનું જીવન-ચરિત્ર વાંચક વર્ગ સમક્ષ મૂકવામાં આવે છે. આ ગ્રંથ પ્રકટ કરવામાં દ્રવ્ય સહાયતા કરનાર વૈષ્ણવવર્ગનો શુદ્ધ અન્તઃકરણથી આભાર માની તેઓશ્રીનાં નામ અત્રે અમર કરવામાં આવે છે.

ઉત્તેજક વૈષ્ણવો—

રા. રા. શ્રીમાન્ શેઠજી ખીમજીભાઈ કુંવરજી. મુંબાઇ

રા. રા. શ્રીમાન્ શાહ દ્વારકાંદાસ મોતીલાલ. પાટણ

રા. રા. શ્રીમાન્ શાહ પરભુદાસ લલ્લુભાઈ. પાટણ